## પાટનગરમાં સમી સાંજે બનેલી ચોંકાવનારી ઘટના

# વાનમાં આવેલા ચાર શખ્સો રૂમાલ સુંઘાડીને કિશોરને ઉપાડી ગયા...!

### સે. ૭ના આવકાર કોમ્પલેક્ષ પાસે સાંજે ૬ વાગ્યે બનેલી ઘટના અપહરણકારોએ સરનામું પૂછીને કિશોરને ભોળવી વાનમાં બેસાડી દીધો હતો : ચકમો આપીને કિશોર કોબા પાસે ઝાડીઓમાં ઘૂસી ગયો અને જીવ બચાવીને રાત્રે સાડા અગિયાર વાગે ઘરે પહોંચ્યો

ગાંધીનગર, તા. ૨૨

પાટનગર-ગાંધીનગરના સેક્ટર-૭ ખાતે સમી સાંજે ચોંકાવી મુકે તેવી ચકચારી ઘટના બનવા પામી હતી. ૧૬ વર્ષના કિશોરને સરનામુ પુછીને વાનમાં ભોળવી દીધા બાદ મારૂતી વાનમાં ભેદી રીતે આવેલા ચાર અજાણ્યા શખ્સો સે. ૭ના આવકાર કોમ્પલેક્ષ પાસેથી ઉપાડી ગયા હતા. રૂમાલ સુંઘાડીને બેભાન કરી અપહરણકારો ભાગી ગયા હતા. કોબા પાસે ચારેય શખ્સો નાસ્તો કરવા ઉભા રહ્યા તે દરમ્યાન જ ભાનમાં આવી ગયેલો કિશોર ચારેયને ચકમો આપી ઝાડીઓ તરફ ભાગી ગયો હતો. ગુમ થઈ ગયેલા કિશોરના પિતા પોલીસ સ્ટેશનમાં દિકરો લાપત્તા થયો હોવાની ફરીયાદ આપી રહ્યા હતા તે દરમ્યાન જ રાત્રે સાડા અગિયાર વાગ્યે તે હેમખેમ ઘરે પહોંચ્યો હતો. આ રહસ્યમય કિસ્સા અંગે હજુ સુધી પોલીસ ફરીયાદ થઈ નથી. અજાણ્યા અપહરણકારો કોણ હતા ? અને કિશોરને કેમ ઉઠાવ્યો હતો ? હ્યુમન ટ્રાફીકીંગનો ઈરાદો હતો કે શું ? ઉપહરણકારોનો ઉપરોક્ત સવાલો સહજ રીતે ઉભા થઈ જાય તેમાં બે મત નથી. જો કે આ પ્રકરણમાં ઉંડી તપાસ થવી જરૂરી છે તેમાં બે મત નથી.

ગાંધીનગર શહેરના સેક્ટર-૭ની સરકારી પ્રાથમિક શાળાની નજીક રહેતા અને નવા સચિવાલય બ્લોક નં. ૧માં પ્યુન તરીકે ફરજ બજાવતા કિશનભાઈ એમ. પટેલનો ધો. ૧૦માં અભ્યાસ કરતો ૧૬ વર્ષનો દિકરો શનિવારે સાંજે છ વાગ્યાના અરસામાં ઘર નજીક સાયકલ ચલાવી રહ્યો હતો. મારૂતી વાનમાં આવેલા

● અનુસંધાન પાના - ૭ પર

### સાયકલ ક્યાં છે ? હજુ પત્તો નથી !

કિશોરનું અપહરણ કર્યું તે સમયે એક અપહરણકારે તેની સાયકલ લઈ લીધી હતી અને ત્યાર બાદ રૂમાલ સુંઘાડીને ઉપાડી લેવાયો હતો. કિશોર ઘરે પરત હેમખેમ પહોંચી ગયો પરંતુ અપહરણકારે લીધેલી સાયકલનો હજુ સુધી કોઈ જ પત્તો લાગ્યો નથી.

### હ્યુમન ટ્રાફીકીંગની શંકાથી ફફડાટ

બહારના કેટલાક મુંબઈ-કલકત્તા તથા હરિયાણા જેવા વિસ્તારોમાં હ્યુમન ટ્રાફઈકીંગના કિસ્સાઓ ખુબજ બને છે જેમાં બાળકોને નિશાન બનાવી તેમનું અપહરણ કરી લઈ તેમને વેચી નાંખવાના તથા તેમના શરીરના કેટલાક અંગો કાપીને ભીખ મંગાવવાના કિસ્સાઓ વધુ બને છે. જેના માટે વિવિધ ટોળકીઓ સક્રિય રીતે કામ કરતી હોય છે. સે. ૭માં ભેદી રીતે કિશોરનું અપહરણ કોઈ જ કારણ વગર થયાની ઘટનાથી આ હ્યુમન ટ્રાફીકીંગનો પ્રયાસ તો નહોતો ને...? તે પ્રશ્ને શહેરીજનોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે. અપહરણકારોને પકડીને તેના આ ગુનાના ઈરાદાને જ્યા સુધી બહાર લાવવામાં નહી આવે ત્યાં સુધી આ સવાલનું સમાધાન થાય તેમ નથી...!

# સરગાસણ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટની ટ્રાયલ શરૂ : બગીચાઓને પાણી મળશે

### પ્રથમ તબક્કામાં મહાત્મા મંદિર અને સ્વર્ણિમ પાર્કને અગ્રતા

ગાંધીનગર, તા.૨૨

સરગાસણ ખાતે વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ તૈયાર થઈ જતા હાલ તંત્ર દ્વારા ટ્રાયલ બેઈઝ કામગીરી હાથ ધરવામાં આવી છે. ટ્રીટમેન્ટ પ્લાન્ટના ટ્રાયલ રીપોર્ટ બાદ આગામી સપ્તાહ સુધીમાં પ્લાન્ટ નિયમિતરૂપે શરુ કરી દેવાશે જેના આધારે મહાત્મા મંદિરથી લઈ સમગ્ર સ્વર્ણિમ પાર્કના વિસ્તારમાં પાણીની જરૂરીયાત સંતોષાશે.

શહેરમાં પીવાના પાણીની પોકાર વચ્ચે રોજબરોજ ૫૫ એમ.એલ.ડી. પાણીનો વપરાશ છે જયારે શહેરની વસતી અને વિકાસને ધ્યાને લઈ દાયકાઓ જૂની પાણી વ્યવસ્થા અપગ્રેડ કરવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. પરંતુ હાલ પાણી પુરવઠો ઉપલબ્ધ કરવા તંત્ર દ્વારા ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રકચર લી.ને તગડી રકમ ચૂકવવી પડે છે. જયારે પીવાના પાણીની જરૂરીયાત સંતોષવા ઉપરાંત શહેરમાં સ્થિત ૫૦થી વધુ ઉદ્યાનોને પાણી પહોંચાડવાનું કામતંત્ર માટે ખર્ચાળ અને મુશ્કેલ બન્યુ છે ત્યારે શહેરના ઉદ્યાનોની હરિયાળી બરકરાર રાખવા સરગાસણ ખાતે ૧૦ એમ.એલ.ડી.નો વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ તૈયાર કરી દેવાયો છે. દૂષિત પાણી શુધ્ધ કરી શહેરના બગીચાઓને પહોંચતું કરવા અંદાજિત રૂ. ૧૫ કરોડના ખર્ચે આ પ્લાન્ટ બનાવવામાં આવ્યો છે. વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ તૈયાર કરી દેવાતા આગામી દિવસોમાં તબક્કાવાર શહેરના ઉદ્યાનોને પાણી ઉપલબ્ધ થશે જયારે હાલ આ પ્લાન્ટ ટ્રાયલ લેવા માટે શરૂ કરાયો છે. ટ્રાયલ રીપોર્ટ યોગ્ય થાય ત્યારબાદ મહાત્મા મંદિર તેમજ સ્વર્ણિમ પાર્ક વિસ્તારમાં પ્રથમ તબક્કામાં પાણી સપ્લાય કરવામાં આવશે. આગામી સપ્તાહથી પ્લાન્ટ શરૂ કરી દેવાશે.

# ઓપન એર થિયેટર લગ્ન રીસેપ્શન માટે ભાડેથી આપવા પ્રબળ માંગ

### બે વર્ષના અંતે પણ ઉપયોગના અભાવે ખંડેર બનતું જાય છે

ગાંધીનગર, તા.૨૨

ઘ-૫ સ્થિત નવનિર્મિત ઓપન એર થિયેટર છેલ્લા બે વર્ષથી બિન ઉપયોગી હાલતમાં છે. સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવાના પ્રયોજન માટે નિર્માણ કરાયેલા ઓપન એર થિયેટરના ભાડાનો દર નિયત કરાયા બાદ પણ થિયેટરનો કોઈ ઉપયોગ ન થતા તંત્ર માટે પણ શિરદર્દ ઉભો થયો છે. ઉપયોગના અભાવે થિયેટરની જાળવણી પણ ખર્ચાળ સાબિત થાય તેમ છે. આવા સંજોગોમાં ઓપન એર થિયેટર લગ્ન સમારંભ તેમજ રીસેપ્શન જેવા ફંકશન માટે ભાડેથી આપવાની વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવાય તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

શહેરના મધ્ય વિસ્તારમાં નિર્માણ કરાયેલા ઓપન એર થિયેટરનો ખર્ચો સરકારના માથે પડયો છે. છેલ્લા બે વર્ષથી ઓપન એર થિયેટર આમ જોવા જઈએ તો એકપણ રીતે લોક ઉપયોગી થઈ શકયું નથી. શહેરમાં વિવિધ કાર્યક્રમો યોજવા ઉપરાંત કલાકારોને સ્ટેજ પુરું પાડવા અડધો કરોડના ખર્ચે તૈયાર કરાયેલું ઓપન એર થિયેટર ખુલ્લુ મુકાયા બાદ પણ બિનઉપયોગી હાલતમાં છે. ભાડાનો દર નિયત કરી દેવાયા બાદ પણ થિયેટરને ભાડા પેટે લવા માટે એક પણ અરજી તંત્રને મળી નથી. બીજી તરફ ઉજજડ બનતા થિયેટરને ફરતે ચોકી ગોઠવવા હવે ચોકીદાર રાખવા તંત્રએ કવાયત હાથ ધરી છે. બિન ઉપયોગી ઓપન એર થિયેટર મામલે હવે ખાતર માથે દિવો થાય તેવી સ્થિતિ સર્જાઈ છે. આવા સંજોગોમાં ઓપન એર થિયેટરને લોક ઉપયોગી બનાવવા લગ્ન સમારંભ કે રીસેપ્શન જેવા ફંકશનમાં પણ ભાડેથી આપવા આયોજન કરવામાં આવે તેવી પ્રબળ માંગ નાગરિકોમાં ઉઠવા પામી છે.

### ખૂણે... ...ખાંચરેથી

- આજે આરોગ્ય તંત્રની ટીમોએ બાંધકામ સાઈટોની મુલાકાત લઈ અને ત્યાં કરાયેલ એન્ટી લારવેલની કામગીરીની સમીક્ષા કરી હતી.
- સંકલન સમિતિની બેઠકમાં ગેરહાજર રહેનાર પા. યોજનાના કાર્યપાલક ઈજનેરને નોટીસ આપવાનો નિર્ણય કલેકટરશ્રીએ લીધો છે.
- રાંધેજા ગ્રામ પંચાયતના સભ્ય શ્રી દિનેશભાઈને ત્રણ સંતાનના મુદ્દે ગેરલાયક ઠેરવવામાં આવ્યા છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતમાં બે લીફ્ટ મુકવા અંગેની તૈયારીઓ તંત્રએ આરંભી છે.
- આજે માધ્યમિક શિક્ષણ બોર્ડની ચૂંટણીની મતગણતરી યોજાવાની છે. જેમાં ગાંધીનગરના અગ્રણી શ્રી કાર્તિક પટેલનું ભાવિ પણ નક્કી થશે.
- ગાંધીનગર જિલ્લામાં આજે ગુરુપૂર્ણિમા પર્વની ઉજવણી ધામધૂમથી થઈ હતી.
- વરસાદ ગયા બાદ છેલ્લા બે દિવસથી શહેરમાં વધેલા ઉકળાટને પગલે ઈવનીંગ વૉક કરનારાઓની સંખ્યા વધી છે.
- કોંગ્રેસના ઉમેદવાર તરીકે હિના પટેલની પસંદગી જાહેર થતાં જ શ્રીમતી પટેલ ગળગળા થઈ ગયા હતા.
- સોમવારે ગૌરીવ્રતના જાગરણ નિમિત્તે શહેરના બગીચાઓ તથા ફરવાના સ્થળો મુલાકાતીઓથી ભરચક રહ્યા હતા. એ જ રીતે શહેરના રસ્તાઓ પણ મોડીરાત સુધી વાહનોથી ધમધમતા રહ્યા હતા.
- મહાનગરપાલિકા દ્વારા મિલકતવેરાના બિલો પહેલી ઓગસ્ટથી વિતરણ કરાશે.



ગુરુનું આપણી સંસ્કૃતિમાં અમોલું સ્થાન છે. ગુરુ વિનાનું જીવન એ દિશા વિનાના પવન જેવું ગણવામાં આવે છે. ગુરુ આપણા જીવનમાં પથદર્શકની ભૂમિકા ભજવે છે અને આપણા જીવનને સાચી દિશા તરફ લઈ જાય છે એવી આપણી માન્યતા છે. એ જ કારણે આપણી સંસ્કૃતિમાં ગુરુ પૂર્ણિમાના દિવસને સ્થાન આપવામાં આવ્યું છે. આ દિવસે શિષ્યો ગુરુનું વિધિવત્ પૂજન કરી એમના આશીર્વાદ મેળવે છે અને ગુરુ પ્રતિ પોતાની કૃતજ્ઞતાને વ્યક્ત કરે છે. સોમવારે ગુરુ પૂર્ણિમાનો દિવસ હતો, જે દેશ અને રાજ્યની માફક ગાંધીનગરમાં પણ ખૂબ જ ભાવપૂર્વક ઉજવવામાં આવ્યો. ગાંધીનગર શહેરમાં સમદર્શન આશ્રમ, દત્ત મંદિર અને ઝૂલેલાલ મંદિર ખાતે ઉજવવામાં આવેલા ગુરુ પૂર્ણિમા મહોત્સવની તસવીરો અત્રે પ્રસ્તુત કરી છે. (તસવીર : દિપક જાની)






# પાટનગર યોજનામાં મેન પાવરના અભાવે અધિકારીઓ ભારે ત્રસ્ત

ગાંધીનગર, તા. ૨૨

પાટનગર યોજના ભવનમાં બદલી અને નિવૃત્તિના દૌર બાદ મેનપાવરનો ભારોભાર અભાવ વર્તાય છે. વિવિધ ડિવિઝનલ કચેરીઓમાં એસ.ઓ. કેડરની ૭૦ ટકા જગ્યા ખાલી હોવાથી વહીવટી કામગીરી મંદ પડી ગઈ છે. આ ઉપરાંત નગર વિકાસની વિવિધ કાર્યયોજનામાં ઉપર પણ વિપરિત અસર વર્તાઈ રહી છે.

શહેરમાં પાણી, ગટર અને રસ્તા સહીત વિવિધ બિલ્ડીંગના નિર્માણની મહત્વની જવાબદારી સંભાળતા પાટનગર યોજના વિભાગમાં છેલ્લા ઘણા સમયથી જુનિયર કલાર્ક અને એસ.ઓ.ની ઘટ પ્રવર્તી છે. જુનિયર ક્લાર્કના અભાવે ડિવીઝન કક્ષાએ વહીવટી કામગીરી મંદ પડી ગઈ છે. અત્યારસુધી પાટનગર યોજના ભવનનું મોટાભાગનું તંત્ર ચાર્જમાં હતુ. કાર્યપાલક ઈજનેરથી લઈ વિવિધ ડિવીઝનના ડેપ્યુટી એન્જિનિયર પાસે બે-બે જગ્યાનો ચાર્જ હોવાથી અનેક કામો પણ અટવાતા હતા. જો કે થોડા સમય અગાઉ જ કાર્યપાલક ઈજનેર સહીત ડિવીઝનકક્ષાએ ચાર્જની જગ્યાએ કાયમી અધિકારીની નિમણૂંક થતા મામલો થાળે પડ્યો છે. પરંતુ પાટનગર યોજના ભવનની વિવિધ ડિવીઝનલ કચેરીઓમાં હાલ જુનિયર ક્લાર્ક અને જુનિયર એન્જિનિયરની મોટાભાગની જગ્યાઓ ખાલી હોવાથી મેનપાવરનો અભાવ વર્તાય છે. ડિવીઝન કચેરીઓમાં પર્યાપ્ત સ્ટાફના અભાવે વિવિધ કામોની સુપરવિઝન ઉપરાંત સર્વે અને અભ્યાસની કામગીરી નબળી પડી ગઈ છે. જ્યારે પુરતા સ્ટાફના અભાવે અધિકારીઓને પણ કામ લેવાનું મુશ્કેલ બન્યું છે.

## બફારાથી નગરજનો પુનઃ પરેશાન

### વરસાદ બંધ થયે ચાર-પાંચ દિવસ થતા બફારો વધ્યો : વાદળછાયું વાતાવરણ અને ભેજ બફારાને અસહ્ય બનાવી રહ્યા છે

ગાંધીનગર, તા. ૨૨

અસહ્ય બફારા અને ગરમીથી વસાહતીઓ પુનઃ પરેશાન થઈ ચુકયા છે. વરસાદ બંધ થતા મહત્તમ તાપમાન ૩૪ ડિગ્રી પર પહોંચી જતાં ગરમી અને બફારો વસાહતીઓને હેરાન કરી રહ્યો છે.

છેલ્લા ચાર પાંચ દિવસથી વરસાદ સાવ બંધ થઈ ગયો છે. વાદળો આકાશમાં ઘેરાય છે પરંતુ વરસાદી વાદળો ન હોવાથી તે વરસતા નથી. વાદળો ઘેરાઈ રહેતા બફારો ખુબ લાગે છે અને પરસેવો ખુબ થાય છે. જરા બહાર નીકળો તો પરસેવાથી ન્હાઈ જવાય છે. પંખો અને એ.સી. પુનઃ ફુલ સ્પીડે ફરવા લાગ્યા છે. વરસાદના કારણે મચ્છરો અને જીવજંતુઓનો ઉપદ્રવ ખુબ વધતા આંગણા કે અગાસીમાં સુઈ શકાતું નથી. ન છૂટકે વસાહતીઓએ બફારામાં બેસવું પડે છે. પરસેવાના કારણે હેરાન થતાં વસાહતીઓ હવે પુનઃ ધોધમાર વરસાદ વરસે તેવી પ્રાર્થના કરી રહ્યા છે. સાબરમતીમાં પાણી આવે તેની રાહ પણ વસાહતીઓ જોઈ રહ્યા છે.

# મનપામાં ભાજપની બેધારી નીતિ સામે આક્રોશ

ગાંધીનગર, તા. ૨૨

ભાજપ એક તરફ વિકાસની વાત કરે છે અને બીજી તરફ પક્ષીચણ નાખવા માટે પક્ષીઘર બનાવવાની મંજૂરી આપવામાં આનાકાની કરી વિકાસની દંભી વાતો કરવામાં આવી રહી છે તેવો આક્ષેપ કોંગીના કાઉન્સીલર શ્રીમતિ પીન્કીબેન પટેલે કર્યો છે.

શ્રીમતિ પટેલે આજે તેમના નિવેદનમાં જણાવ્યું હતું કે સભ્યોને બાંકડા માટેની અપાયેલી ગ્રાન્ટ પણ પુરી ન કરી શકનાર ભાજપ દ્વારા તાજેતરમાં ૪૭ કરોડની ગ્રાન્ટ બદલ સરકારને અભિનંદન આપતી વિજ્ઞાપનો પ્રસિદ્ધ કરાઈ છે તે કામ ક્યારે થશે ?

તેમણે જણાવ્યું છે કે કોર્પોરેશન પાસે જમીન છે નહિ અને તેથી જ અમે અમારી ગ્રાન્ટમાંથી પક્ષીચણ માટે પંખીઘરના સૂચવાયેલા કામો મંજૂર નથી કરાયા તો આ ૪૭ કરોડના કામો કઈ જમીન પર કરવામાં આવશે.

ગાંધીનગર મનપા કાઉન્સીલર ક્વોટાની ૩.૦૦ લાખની ગ્રાંટ માટે બાંકડા આપવામાં બે વર્ષ કર્યા હોય તો ૪૭ કરોડની ગ્રાંટ માટે ૧૫ થી ૨૦ વર્ષ કરશે. આ રકમ જે ગુજરાતની ભાજપા સરકાર દ્વારા આપવામાં આવી તો અચાનક આ ચમત્કાર કયાંથી થઈ ગયો, ગાંધીનગરની જનતા પ્રત્યે સદભાવના જાગી, કે પછી ૨૦૧૪ લોકસભા માટે ચૂંટણી ફંડ ભેગુ કરવાની નવી જગ્યા યાદ આવી, તાજેતરમાં અમો દ્વારા અમારા મત વિસ્તાર માટે અમારી ૨૦૧૩-૧૪ની ગ્રાન્ટમાંથી પક્ષીચણ માટેના નવા ચબુતરા/છાપરા વિસ્તારમાં પામીના સ્ટેન્ડની માગણી કરેલ ત્યારે મ્યુ. કમિશનર દ્વારા એમ કહેવામાં આવેલ છે કે ગુજરાત સરકાર દ્વારા જમીન ફાળવવામાં નથી આવી, જેથી આપણે આ કામ નથી કરી શકતા, પછી આ બિલ્ડીંગો બનાવવાની વાતો છે તે ક્યાં બનાવાવની છે, જમીન પર કે હવામાં તે જોવાનું રહ્યું, સમજવું રહ્યું. બીજુ ગુજરાત સરકાર દ્વારા બાકીની ૭ મહાનગરપાલિકાની જેમ ઓક્ટ્રોયના વિકલ્પ રૂપે મહાનગરપાલિકા વિસ્તારના વેટની આવકની ટકાવારી મુજબ આપવામાં આવે છે, ગાંધીનગર મનપાને તે મુજબ આપવામાં આવે તો ૨૦૧૦-૧૧, ૨૦૧૧-૧૨ તેમજ ૨૦૧૨-૧૩ના વર્ષની ગ્રાંટ બાકી છે, જે અંદાજે ૩૦૦ કરોડ કરતાથી વધુ થાય છે ત્યારે કેમ આ ગાંધીનગરની જનતા પ્રત્યે સદભાવના ક્યાં ગઈ હતી.












Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com